# BUSINESS મિત્ર

ક્રુડ ઓઇલ $100ને પાર પહોંચતા નિફ્ટીએ 24200ની સપાટી તોડી: રોકાણકારોના 3 લાખ કરોડ સ્વાહા!

# સેન્સેક્સમાં 852 પોઇન્ટનો કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાન દ્વારા ભારતીય જહાજો પર ગોળીબારની ઘટનાની સાથે હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી થઈ ગયાના અહેવાલથી ક્રુડ ઓઈલના ભાવમાં ફરીથી ઉછાળો જોવાયો હતો. જેના લીધે ક્રુડ ઓઈલ 100 ડોલરને પાર નીકળી જતાં ભારતીય શેરબજારમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. બીજી તરફ, રોકાણકારો પણ વધુ સંકેતો માટે ચોથા ક્વાર્ટરની કમાણી પર નજીકથી નજર રાખી રહ્યા છે, જેમાં નિફ્ટી 24200 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી. જેના લીધે રોકાણકારોના રૂપિયા 3 લાખ કરોડ સ્વાહા થઈ ગયા છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાના પગલે ક્રુડ ઓઈલના ભાવ 100 ડોલરની સપાટી કુદાવીને 103.40 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. એચએસબીસી ફલેશ ઈન્ડાય પીએમઆઈ કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ માર્ચમાં 57 થયો હતો, જે એપ્રિલમાં વધીને 58.3નો થયો છે. જ્યારે એચએસબીસી ફલેશ ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ બિઝનેસ એકટીવિટી ઈન્ડેક્સ એપ્રિલ 2026માં 57.9 પર હતો, જે માર્ચ 2026માં 57.5 હતો.

સેકટર વાઈઝ જોઈએ તો ફાર્મા અને મીડિયા શેરોમાં વધારો જોવા મળ્યો હતો, જ્યારે ઓટો, પીએસયુ બેન્ક અને રિયલ્ટી શેરોમાં ઘટાડો નોંધાયો છે. આજે લાર્જકેપ શેરોની સરખામણીની સાથે સ્મોલકેપ તથા મિડકેપ શેરોમાં પણ વેચવાલી રહી હતી. સેન્સેક્સ તથા નિફ્ટી અનુક્રમે 2.03 ટકા અને નિફ્ટી 1.64 ટકા ઘટી ગયા છે.

બીએસઈ સેન્સેક્સ 852.49 પોઈન્ટ એટલે કે 1.09 ટકા ઘટીને 77664 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78178 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77574 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 205.05 પોઈન્ટ એટલે કે 0.84 ટકા ઘટીને 24200 પોઈન્ટની સપાટી તોડીને 24173.05 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24300 પોઈન્ટની સપાટી કુદીને 24310 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 24134 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 819.45 પોઈન્ટ એટલે કે 1.43 ટકા ઘટીને 56305 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ગુજરાત ફલુરોકેમમાં 139.64 ગણા, કલીન સાયન્સમાં 22.6 ગણા, શેફાયર ફુડઝ ઈન્ડિયામાં 17.44 ગણા, રેઈનબો ચિલ્ડ્રનમાં 13.91 ગણા અને ક્રિષ્ણા ઈન્સ્ટીટયુટમાં 13.37 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કલીન સાયન્સીસમાં 32.07 ગણા, ગોદરેજ ઈન્ડ.માં 29.74 ગણા, પિરામલ ફાર્મામાં 17.55 ગણા, ઓરેકલ ફાઈ. સર્વિસીસમાં 10.24 ગણા અને ટાટા કોમ્યુનીકેશનમાં 6.73 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહેતા બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.33 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.49 ટકા નરમ બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નકારાત્મક રહ્યા હતા. બીએસઈ ખાતે 1768 શેરો વધ્યા હતા, જ્યારે 2514 શેરો ઘટ્યા હતા અને કુલ 174 શેરો યથાવત રહેશે.

નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 2.35 ટકા ઘટયો હતો. જે બે સીધા ટ્રેડિંગ સેશનમાં ઈન્ડેક્સ 2.99 ટકા ઘટ્યો હતો. જેમાં અશોક લેલેન્ડ, ટીવીએસ મોટર, સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ 3.45 ટકા, મહિન્દ્રા-મહિન્દ્રા, હીરો મોટોકોર્પ, ટીએમપીવી, સોના બીએલડબલ્યુ પ્રીસીજન ફોર્જીંગ્સ, એકસાઈડ ઈન્ડ. આઈશર મોટર્સ અને યુનો મિન્ડા ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ વાયદો ઘટયો હતો, જે આજે અમેરિકન શેરોમાં નેગેટિવ ઓપનીંગના સંકેત આપે છે. યુરોપિયન માર્કેટમાં ઘટાડાની ચાલ જોવા મળી હતી. માર્ચ 2026માં પુરા થતા નાણાકીય વર્ષમાં યુકે સરકારનું ઉધાર લગભગ 20 અબજ પાઉન્ડ ઘટીને 132 અબજ પાઉન્ડ થયું છે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધમાં યુદ્ધ વિરામ માટે અનિશ્ચિત સમય માટે વિસ્તરણ કર્યુ હોવા છતાં રોકાણકારોએ હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ ચાલી રહેલા તણાવની નોંધ લીધી હોવાથી એશિયન બજારો નકારાત્મક બંધ રહ્યા હતા.

### ક્રુડના ભાવ ઉછળતા ડોલર 94ને પાર

હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ થઇ જતાં ક્રુડના ભાવોમાં ફરીથી ઉછળ્યા હતા અને ગઇકાલ રાતથી 100 ડોલરની સપાટી કુદાવી હતી, જે હાલમાં 103 ડોલર સુધી પહોંચી ગયો હતો, જેના પરિણામે ડોલરની સામે રૂપિયો તૂટયો હતો, જ્યાં ડોલર 94ને પાર નીકળી ગયા છે. ડોલરની સામે રૂપિયો 94.11ના સ્તરે બંધ રહ્યા હતા. જેમાં રૂપિયો 31 પૈસા તૂટ્યો હતો, જ્યારે ગત સેશનમાં 93.80ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.43, પાઉન્ડ 127.17, કેનેડિયન ડોલર 68.69, ઓસ્ટ્રેલિયન ડોલર 66.81, જાપાનીઝ યેન 0.5893 અને સીંગાપોર ડોલર 73.52ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 94.11 રૂ. |
| યુરો | 109.43 રૂ. |
| પાઉન્ડ | 127.17 રૂ. |
| યેન | 0.5893 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -852.49 | 77664.00 |
| નિફ્ટી | -205.05 | 24173.05 |
| બેન્ક નિફ્ટી | -819.45 | 56305.00 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 9.37 | 1331.00 |
| સીપલા | 5.63 | 1305.90 |
| જિયો ફાઇ. | 4.28 | 248.66 |
| અદાણી એન્ટર | 1.73 | 2300.00 |
| અપોલો હોસ્પિટલ | 1.55 | 7781.00 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 4.13 | 4251.40 |
| શ્રીરામ ફાઇ. | 3.37 | 1009.30 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.24 | 3047.70 |
| એસબીઆઇ લાઇફ | 3.01 | 1828.10 |
| ટેક મહિન્દ્રા | 2.81 | 1421.50 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 0.97 | 1603.80 |
| લાર્સન-ટુબ્રો | 0.82 | 4055.00 |
| સન ફાર્મા | 0.64 | 1679.85 |
| ભારતી એરટેલ | 0.60 | 1840.65 |
| બીઇએલ | 0.27 | 449.85 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 4.21 | 4248.80 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.30 | 3046.15 |
| બજાજ ફિનસ્ત્ર્વ | 2.93 | 1787.00 |
| ટેક મહિન્દ્રા | 2.90 | 1420.40 |
| ઇન્ફોસીસ | 2.04 | 1242.60 |

# ભારતમાં 2031 સુધીમાં 313 અબજોપતિઓ હશે

**ભારતની અતિ સમૃદ્ધ વસતિ 19877થી વધીને 2031માં 25217 થઇ જશે: નાઇટ ફ્રેન્કનો રિપોર્ટ**

નવી દિલ્હી, તા. 23: ભારતીય અર્થતંત્રની મજબૂતી અને વૈશ્વિક સ્તરે તેના વધતા પ્રભાવની અસર હવે દેશની સુપર રિચ કલબના આંકડાઓમાં સ્પષ્ટ દેખાય છે. અગ્રણી રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્કના એક રિપોર્ટ મુજબ આગામી વર્ષોમાં ભારતમાં અબજોપતિઓની સંખ્યામાં ધરખમ ઉછાળો આવવાનો છે. એવો અંદાજ છે કે 2031 સુધીમાં ભારતમાં અબજોપતિઓની કુલ સંખ્યા 51 ટકા વધીને 313 થઈ જશે.

સંપત્તિ સર્જનમાં ભારતની વિશાળ છલાંગનાઈટ ફ્રેન્કે તેના ફ્લેગશિપ રિપોર્ટ ધ વેલ્થ રિપોર્ટની 20મી આવૃત્તિમાં જણાવ્યું હતું કે, ભારતમાં અલ્ટ્રા-હાઈ નેટવર્થ વ્યક્તિઓની વસતિ 2031 સુધીમાં 25217 હોવાનો અંદાજ છે. નોંધપાત્ર રીતે, અતિ શ્રીમંત વ્યક્તિઓને એવા વ્યક્તિઓ માનવામાં આવે છે જેમની નેટવર્થ રૂપિયા 30 મિલિયન, એટલે કે રૂ. 250 કરોડ અથવા તેથી વધુ છે.

હાલમાં, ભારતમાં આવા 19877 અતિ ધનિક વ્યક્તિઓ અને 207 અબજોપતિઓ છે. અહેવાલ સુચવે છે કે વિશ્વભરમાં ભૌગોલિક રાજકીય અસ્થિરતા, વધતા વ્યાજ દર અને અનિશ્ચિત આર્થિક પ્રદર્શન છતાં વૈશ્વિક સંપત્તિ નિર્માણમાં વધારો જોવા મળ્યો છે.

નાઈટ ફ્રેન્ક કહે છે કે ભારતની અતિ સમૃદ્ધ વસતિ આજે 19877થી વધીને 2031માં 25217 થઈ જશે. અહેવાલ અનુસાર, ભારતની આર્થિક રાજધાની મુંબઈ એકલા દેશની અતિ ધનિક વસતિના 35.4 ટકા ઘર છે. આ શહેર રોકાણ અને વ્યવસાયિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે, જે તેને સંપત્તિનું સૌથી વધુ સાંદ્રીકરણ બનાવે છે. વૈશ્વિક રેન્કિંગમાં ભારતનું વર્ચસ્વ ભારતહવે વિશ્વનો છઠ્ઠો સૌથી મોટો અતિ સમૃદ્ધ દેશ બની ગયો છે. જો આપણે અબજોપતિઓની વાત કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં તેમની સંખ્યામાં 58 ટકાનો વધારો થયો છે.

# શેરબજારમાં હવે રિટેલ રોકાણકારોનો પણ 'બ્રેક'

**2026માં એફઆઇઆઇએ રૂ. 1.75 લાખ કરોડ, જ્યારે રિટેલ રોકાણકારોએ રૂ. 5803 કરોડની વેચવાલી કરી**

**સેકન્ડરી માર્કેટથી દૂરી પણ IPO માં ક્રેઝ અકબંધ: રોકાણકારોએ આઈપીઓમાં રૂ.42,608 કરોડ ઠાલવ્યા**

મુંબઈ, તા. 23: લાંબા સમયથી વિદેશી રોકાણકારોની ભારતીય શેરબજારમાં એકઝીટ થતી જોવા મળી રહી હતી, તેમાં રિટેલ રોકાણકારો જોડાયા છે અને હવે તેઓ પણ બજારમાંથી દૂર થતા જોવા મળી રહ્યા છે. છેલ્લા છ વર્ષથી માર્કેટનું સંચાલન કરનારા રિટેલ ઈન્વેસ્ટરોની વેચવાલી જોવા મળી રહી છે.

નાણાકીય વર્ષ 2026માં વિદેશી રોકાણકારોની લગભગ રૂ. 1.75 લાખ કરોડની વેચવાલી જોવા મળી હતી, જેની સાથે નાના રોકાણકારોએ રૂ. 5803 કરોડનું વેચાણ કર્યુ હતું, જે લાંબા સમય બાદ રિટેલ રોકાણકારો બજારથી અળગા રહેવાનું ચાલી થઇ ગયું છે. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે, ઉંચા વેલ્યુએશન, ભૂ રાજકીય તણાવ અ બજારની વધઘટને કારણે રિટેલ રોકાણકારો બજારથી પોતાને દૂર કરી રહ્યા છે.

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૬૨૦ |
| તેજાબી સોનું | ૧૫૬૫૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૭૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૪૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૬૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૨૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૩૯૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફલાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**યાર્ન બજાર સુરત** — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪
(GST સાથેના ભાવ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ,, | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ ,, | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ,, | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

# ક્રિપ્ટો માર્કેટમાં 'ધનવર્ષા': બિટકોઈન 73 લાખની ઐતિહાસિક સપાટી પાર

**વૈશ્વિક તણાવ વચ્ચે ડિજિટલ કરન્સીમાં જોરદાર ઉછાળો; બિટકોઈનનું માર્કેટ કેપ વધીને $1.58 ટ્રિલિયનને આંબી ગયું.**

મુંબઈ, તા. 23: અમેરિકા અને ઈરાન વચ્ચેના ભૂ-રાજકીય તણાવ વચ્ચે, વૈશ્વિક શેરબજારો અને સોનાના ભાવ નોંધપાત્ર દબાણનો સામનો કરી રહ્યા છે. તેનાથી વિપરીત, છેલ્લા 72 કલાકમાં બિટકોઈનમાં ભારે તેજી આવી છે ક્રિપ્ટો માર્કેટમાં ધનવર્ષા થઈ રહી છે. બીટકોઈન 73 લાખ રૂપિયાના રેકોર્ડ લેવલ પાર કરી ચૂક્યો છે અને ગ્લોબલ ક્રિપ્ટો માર્કેટ કેપ પણ 244 મિલિયન કરોડ સુધી પહોંચ્યું છે.

બુધવારે કિંમતો $79,000 થી ઉપર પહોંચી ગઈ હતી, જે ફેબ્રુઆરીની શરૂઆત પછીનું સૌથી મજબૂત સ્તર છે. ભાવમાં આવેલી તેજીને કારણે કૂલ માર્કેટ કેપ વધીને 1.58 ટ્રિલિયન ડોલર પહોંચ્યું છે. ભાવમાં આવેલા ઉછાળાને કારણે શોર્ટ સ્કિવિઝની પણ સ્થિતિ આવી ગઈ હતી અને 207 મિલિયન ડોલર લિક્વિડેટ થયા હતા.

જો કે, આજે બિટકોઈનમાં વધ્યા ભાવથી ઘટાડો આવ્યો હતો અને બિટકોઈન $77,500 ની ઉપર સ્થિર રહ્યું છે. ટોચ પર પહોંચ્યા પછી તરત જ તે $79,000 ની નીચે આવી ગયું હોવા છતાં, બજારના ડેટા દર્શાવે છે કે બિટકોઈન હજુ પણ મંગળવારના તે જ સમય કરતાં લગભગ 4% વધારે છે અને સાત દિવસમાં 6.6% વધ્યું છે. આ વધારાને કારણે તેનું માર્કેટ કેપ આશરે $1.58 ટ્રિલિયન થયું, જે 1 એપ્રિલના રોજ જોવા મળેલા $1.36 ટ્રિલિયનથી નોંધપાત્ર વધારો છે.

કોઈનમાર્કેટકેપના આંકડા પ્રમાણે, છેલ્લા 24 કલાકમાં ક્રિપ્ટો માર્કેટમાં કુલ $14.5 હજાર કરોડ (લગભગ રૂ. 13.56 લાખ કરોડ)ના કામકાજ થયા છે. તે આગલા દિવસની સરખામણીમાં 1.24% વધુ છે.

# દુનિયાભરમાં તેલની રિફાઈનરીઓનો નાશ કરવાનું કોઈ ષડ્યંત્ર ચાલી રહ્યું છે?



**ટુ ધ પોઇન્ટ** ▪ સંજય વોરા ▪

રાજસ્થાનના પચપદ્રા (બાડમેર) ખાતે આવેલી HPCL-રાજસ્થાન રિફાઇનરીનું ઉદ્ઘાટન ૨૧ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા થવાનું હતું, પરંતુ ઉદ્ઘાટનના એક દિવસ પહેલાં જ તેના મુખ્ય પ્રોસેસિંગ યુનિટમાં ભીષણ આગ લાગી ગઈ. આ ઘટનાને કારણે ઉદ્ઘાટનમાં વિલંબ થયો છે. છેલ્લા ૪૫ દિવસમાં ભારત સહિત પાંચ દેશોમાં તેલ રિફાઇનરીઓ અને તેલ ક્ષેત્રોમાં આગ લાગવાની ઘટનાઓ નોંધાઈ છે. આ ઘટનાઓ એવા સમયે બની રહી છે, જ્યારે મધ્ય પૂર્વમાં યુદ્ધોને કારણે તેલ અને ગેસનો ઉપયોગ હથિયાર તરીકે થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા ચાલી રહી છે કે શું આ માત્ર એક સંયોગ છે કે કોઈ ષડ્યંત્રનો ભાગ છે, જેના દ્વારા દેશોની રિફાઇનિંગ ક્ષમતાને વિક્ષેપિત કરીને ક્રુડ ઓઇલના ભાવ વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઈરાનના યુદ્ધમાં પણ મુખ્ય મુદ્દો ખનિજ તેલના ભંડારો ઉપર નિયંત્રણનો જણાય છે.

આશ્ચર્યજનક રીતે, જ્યારે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઇઝરાયલે ઈરાન પરના હુમલા શરૂ કર્યા ત્યારથી યુદ્ધક્ષેત્રની બહારના છ દેશોમાં ખનિજ તેલની સંપત્તિઓને નુકસાન થયું છે. રશિયા સિવાયના અન્ય દેશો (અમેરિકા, ઓસ્ટ્રેલિયા, મેક્સિકો, ઇક્વાડોર અને ભારત) એ આ આગ માટે સીધા હુમલાઓને નહીં પણ આંતરિક તકનીકી નિષ્ફળતાઓને જવાબદાર ગણાવી છે, પરંતુ નિષ્ણાતો આ દુર્ઘટનાઓમાં એક પેટર્ન જોઈ રહ્યા છે. ઇન્ટરનેટ મીડિયાના નિષ્ણાતો ચર્ચા કરી રહ્યા છે કે શું આ ઘટનાઓ રિફાઇનરીની અંદરનાં કાવતરાંનું પરિણામ છે. રાજસ્થાન રિફાઇનરીમાં આગ લાગવાના ચાર દિવસ પહેલાં ઇન્ટરનેટ પર કેટલાક નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી હતી કે ભારતનાં દુશ્મન રાષ્ટ્રો અર્થતંત્રને નુકસાન પહોંચાડવા અને તેલના ભાવ વધારવા માટે રિફાઇનરીઓને નિશાન બનાવી શકે છે. આ શંકા સાચી પડી છે. હકીકતમાં કેટલાંક સ્થાપિત હિતો દુનિયાને પેટ્રોલ અને ડિઝલનાં બળતણથી દૂર લઈ જવાની અને ગ્રીન એનર્જી તરફ લઈ જવાની કોશિશ કરી રહ્યાં છે, તેમનો છૂપો હાથ પણ આ દુર્ઘટનાઓ પાછળ હોઈ શકે છે.

રાજસ્થાનના પચપદ્રામાં છેલ્લા અઠવાડિયાથી તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હતી. આ પ્રસંગ દેશના પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ પ્રોજેક્ટના ઉદ્ઘાટનનો હતો, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે હાજરી આપવાના હતા. સ્થળ પર ખુરશીઓ ગોઠવવામાં આવી હતી અને કુલર અને પંખા માટેની વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી હતી. રાજસ્થાન પોલીસ અને વહીવટીતંત્રે પણ કડક સુરક્ષા વ્યવસ્થા કરી હતી. દરેક વ્યક્તિ ૨૧ એપ્રિલ, મંગળવારની સવારની રાહ જોઈ રહ્યા હતા, જ્યારે વડા પ્રધાન આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવાના હતા. ઉદ્ઘાટનના માત્ર ૨૪ કલાક પહેલાં, કંઈક એવું બન્યું જે વર્ષોની મહેનતને ક્ષણભરમાં ચકનાચૂર કરી નાખે તેવું લાગતું હતું. અચાનક સોમવારે બપોરે પચપદ્રામાં સાયરન વાગવા લાગી. ફાયર, પોલીસ અને એમ્બ્યુલન્સ વાહનોની અવરજવર ઝડપથી વધી ગઈ. પચપદ્રા રિફાઇનરીમાં સિસ્ટમ ફેઇલ થવાને કારણે આગ ફાટી નીકળી ત્યારે એક મોટી દુર્ઘટના બની હતી. બે મુખ્ય રિફાઇનરી યુનિટમાં મશીનો વચ્ચે ઘર્ષણ થવાથી તણખા નીકળ્યા અને થોડી વારમાં જ આગ ભીષણ આગમાં ફેરવાઈ ગઈ. લગભગ બે કલાકની મહેનત પછી આગ કાબૂમાં આવી ગઈ. ટેકનિકલ ટીમના જણાવ્યા અનુસાર, જો આગ વધુ ફેલાઈ હોત તો મહત્ત્વપૂર્ણ એકમો સંપૂર્ણપણે નાશ પામ્યાં હોત, જેના પરિણામે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા સુધીનું નુકસાન થયું હોત.

હવે, બાડમેર-જેસલમેર ક્ષેત્રના સાંસદ અને કોંગ્રેસના નેતા ઉમેદરામ બેનીવાલે X પર ટ્વિટ કરીને સરકાર અને વહીવટીતંત્ર પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે અને પૂછ્યું છે કે આ મામલે કોઈ નક્કર કાર્યવાહી કેમ કરવામાં આવી નથી. બેનીવાલે પૂછ્યું કે શું રિફાઇનરીની અંદર લાગેલી આગની ઘટના સુરક્ષા ખામીઓ સંભવિત ભ્રષ્ટાચારને ઉજાગર કરતી નથી? આ સંદર્ભમાં અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી કેમ કરવામાં આવી નથી? ચાર દિવસ પછી પણ જવાબદારી નક્કી કરવાને બદલે આ કેસ કેમ દબાવી દેવામાં આવી રહ્યો છે? આનાથી કોને સુરક્ષિત રાખવામાં આવી રહ્યું છે તે અંગે ગંભીર શંકાઓ ઊભી થાય છે. સાંસદ ઉમેદરામ બેનીવાલે ટ્વીટ કરીને પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આટલી મોટી ઘટના છતાં ચાર દિવસ પછી પણ કોઈ સ્પષ્ટ જવાબદારી નક્કી કરવામાં આવી નથી. ફક્ત પચપદ્રા પોલીસ સ્ટેશનના અધિકારી સીઆઈ અચલરામ ઢાકાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શું આટલી ગંભીર ઘટના માટે આ એકમાત્ર જવાબદારી છે? શું પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીની સુરક્ષા ફક્ત એક જ સ્ટેશન અધિકારીની મુલાકાતો માટે જવાબદાર છે? હકીકત એ છે કે પ્રધાનમંત્રીની સુરક્ષાની જવાબદારી SPG અને ઉચ્ચ અધિકારીઓની છે. રિફાઈનરીની આગનો આંતરરાષ્ટ્રીય ઘટનાઓ સાથેનો સંબંધ પણ તપાસવાની જરૂર છે.

ભારતમાં બે તેલ પ્લાન્ટમાં આગ લાગી છે. HPCLની રાજસ્થાન રિફાઇનરીમાં લાગેલી આગ ઉપરાંત મુંબઈ કિનારે ONGCના તેલ ક્ષેત્રમાં બીજી એક ઘટના બની હતી. ONGC પ્લાન્ટમાં ૧૨ એપ્રિલના રોજ આગ લાગી હતી અને તેને કાબૂમાં લેવામાં આવી હતી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે રાજસ્થાનની ઘટનાનાં મૂળ કારણની તપાસ કરવા અને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા માટે ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરી છે.

છેલ્લા ૪૫ દિવસોમાં વિશ્વના વિવિધ ભાગોમાં ખનિજ તેલના પ્લાન્ટોને નુકસાન થયું છે. ઇક્વાડોરમાં ૧ માર્ચના દેશની સૌથી મોટી રિફાઇનરી એસ્મેરાલ્ડાસમાં પંપ ફેલ થવાને કારણે આગ લાગી હતી. મેક્સિકોમાં ૧૭ માર્ચના ઓલ્મેકા રિફાઇનરીમાં આગ લાગવાથી પાંચ લોકોનાં મોત થયાં હતાં. અમેરિકાના ટેક્સાસમાં ૨૩ માર્ચના રોજ વાલેરો રિફાઇનરીમાં વિસ્ફોટ થયો હતો. ત્યાર બાદ ૧૦ એપ્રિલે ટેકનિકલ ખામીને કારણે મેરેથોન રિફાઇનરીમાં આગ લાગી હતી. ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન નજીક વિવાના કોરિયો રિફાઇનરીમાં ૧૬ એપ્રિલે આગ ફાટી નીકળી, જેના કારણે દેશના ૧૦ ટકા ઈંધણ પુરવઠાને અસર થઈ હતી. મ્યાનમારના સાગાઈંગ પ્રદેશના એક બંદર પર ૨૦ એપ્રિલે દસ ઈંધણ ટેન્કરમાં વિસ્ફોટ થયા અને બળીને રાખ થઈ ગયાં હતાં. વિશ્વભરની રિફાઇનરીઓમાં લાગેલી આગની ઘટનાઓ પછી ઉત્તર અમેરિકન X એકાઉન્ટે દાવો કર્યો હતો કે આ માત્ર એક સંયોગ નથી, પરંતુ તેલ પુરવઠામાં વિક્ષેપ પાડવાની એક રીત છે.

અમેરિકા-ઇઝરાયલ-ઇરાન યુદ્ધમાંથી સૌથી મોટો પાઠ એ છે કે વિશ્વભરના દેશો ક્રુડ ઓઇલ, કુદરતી ગેસ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનો પર કેટલા નિર્ભર છે. અમેરિકા અને ઇઝરાયલના ઇરાન પરના હુમલા બાદ તેહરાને અખાતમાં અનેક અમેરિકન બેઝ પર મિસાઇલ અને ડ્રોન હુમલાઓ કરીને બદલો લીધો અને ઇઝરાયલી નાગરિક સ્થળોને પણ નિશાન બનાવ્યાં હતાં. ઇરાને અખાતના દેશોમાં તેલ રિફાઇનરીઓ પર પણ હુમલો કર્યો હતો. ઈરાનનો ઈરાદો પણ ખનિજ તેલના માળખાનો નાશ કરવાનો જણાય છે. ઇરાને સાંકડા હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ અને ગેસના પરિવહનને પણ અવરોધિત કર્યું છે. વિશ્વના ઊર્જા પુરવઠાનો મોટો ભાગ હોર્મુઝમાંથી પસાર થાય છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા આ સંઘર્ષે તેલ અને ગેસ બજારને ગંભીર અસર કરી છે.

વર્લ્ડ ઇકોનોમિક ફોરમના એજન્ડા ૨૦૩૦ મુજબ ઇ.સ. ૨૦૩૦ સુધીમાં તેઓ સમગ્ર દુનિયાને ખનિજ તેલની ઊર્જાથી મુક્ત કરીને સૌર ઊર્જા અને પવન ઊર્જા જેવી સ્વચ્છ ઊર્જા તરફ લઈ જવા માગે છે. આ સંક્રમણને ઝડપી બનાવવા માટે ગલ્ફમાં યુદ્ધ શરૂ કરવામાં આવ્યું હોય અને વિશ્વભરમાં ફેલાયેલાં ખનિજ તેલનાં મથકોનો નાશ કરવામાં આવતો હોય તે સંભવિત છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આશ્ચર્યજનક રીતે, જ્યારે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઇઝરાયલે ઈરાન પરના હુમલા શરૂ કર્યા ત્યારથી યુદ્ધક્ષેત્રની બહારના છ દેશોમાં ખનિજ તેલની સંપત્તિઓને નુકસાન થયું છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**ડ્રાઈવર જોઈએ છે**
DGVCL, કોસાડ, વરાછા, સારોલી, લસકાના, સીમાડા ગોથાણ ૮ કલાક ૧૨ કલાક માટે ૪ વર્ષ માટે ડ્રાઈવર જોઈએ છે. મોબાઈલ 8511311422

**જોઈએ છે**
કાપડ ના શોરૂમ માટે સેલ્સમેન તેમજ હેલ્પર રૂબરૂ મળો: સોનલ ટેક્ષટોરીયમ, પ્રતાપ પ્રેસ ગલી, ભાગાતળાવ મેઈન રોડ, સુરત. (42)

**અડાજણની ઓફિસના**
પરચુરણ કામકાજ જેમકે બહાર જવું માલસામાન ઊંચકવાનું રહેશે 10 થી 15 હજાર પગાર મળશે (વયમર્યાદા 30થી 40 વર્ષ) 9913111774

**મોટી સંખ્યામાં રાંધી શકે**
તેવા વેજ/ નોનવેજનો કારીગર ફુલ ટાઈમ જોઈએ છે 2- હેલ્પર લેડીઝ/ જેન્ટસ, બનાવી શકે એવા રહેવાની સગવડ આપીશું. મો.- 9737255166.

**લેડીઝ બ્યુટી પાર્લર**
માટે અનુભવી બ્યુટીશ્યન જોઈએ છે. મોઃ 9033998397

**જોઈએ છે**
હાઉસ વાયરીંગના જાણકાર વાયરમેન અડાજણ એરીયા માટે મો. 9825454806

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ઓમશિવ ટ્રાવેલ્સ**
અધિક માસમાં 15, 27 મેં (હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, પુષ્કર) (બનારસ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) દર બુધવારે રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર. દર ગુરૂવારે રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર) (માઉન્ટ આબુ, અંબાજી) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટી વેચવાની છે**
માસમા ઓલપાડ હાઈવે - વડોદ કિરણ હોસ્પીટલ લાગુ કેનાલ રોડ,
સાઈઝ 32 x 90
G + 2 માળ 9000 સ્કવેરફુટ બાંધકામ,
દસ્તાવેજ પ્લાનપાસ લોન થાય એવુ તથા નવુ બાંધકામ લુમ્સ મશીન કે દરેક ધંધાને અનુકુળ
ચેતનભાઈ 9724338288

**ઉજ્જૈન, ઓમકારેશ્વર**
દ્વારકા, સોમનાથ, શ્રીનાથજી, ખાટુશ્યામ, ડાકોર, પાવાગઢ, શિરડી, સપ્તશૃંગી, શામળાજી, અંબાજી, ચોટીલા. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340 (47)

**સાગર 9427113317**
એસી બસમાં. વેકેશનમાં મહાબળેશ્વર, શિરડી/ શનિ-રવિ ખાનવેલમાં સેલવાસ દમણ,

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2X2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 3/5, (8 સીટ બાકી) 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પલેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ, વૈષ્ણોદેવી Rs: 20999/= MO- 9825142005 /9427803273 (48)

વ્યવસાયીક ક્લાસીસ

**વર્ષ બચાવો. વર્ષ બચાવો**
10th/ 12th (આર્ટસ, વાણિજ્ય, વિજ્ઞાન) નાપાસ વિદ્યાર્થી 45 દિવસમાં પાસ કરો. 8th, 9th નાપાસ સીધી 10th કરો. 11th નાપાસ સીધી 12th પાસ કરો. બિના TC (ટ્રાન્સફર સર્ટિફિકેટ) વગર 3rd. 5th અને 8th ધોરણ પાસ કરી શકાય. એસ્પાયર એજ્યુકેશન, ડુંભાળ, સુરત. 9724346581/ 7778025581 (46)

**નવસારી હાઈવે ભૂલા ફળિયા ૧૧ વીંઘા**
કપલેથા લાજપોર નજીક ૨૬ વીંઘા - અબ્રામા નવસારી ૨૫ વીંઘા- ઓલપાડ નજીક પરસોલી અણીતા ગામ ૨૦૦ વીંઘા જમીન વેચવાની છે.
હિંગોરા લેન્ડ કન્સલટન્ટ
ખેતીની જમીન મકાન લે-વેચ માટે
98247 25399
98985 36101

વ્યવસાયીક ધંધાકીય

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા TV, LCD**
LED, રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ. અડાજણ. 9898302700

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**લાઇફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

વ્યવસાયીક આરોગ્ય વિષયક

**મોતિયાનું ઓપરેશન**
તમારા બજેટમાં કરાવવા પ્રખ્યાત હોસ્પિટલ દવાવાલા આઈકૅર પાલનપુર જકાતનાકા સુરતનો આગ્રહ રાખો 9898133189

મિલ્કત વેચવાની છે

**અડાજણમા સુંદર**
મોકાનો પ્લોટ 250 વારનો વાજબી ભાવે તાત્કાલિક વેચવાનો છે.- 9374535403 (41)

**વેચવાનું છે,**
શાળાની બેન્ચો, પંખાઓ, ઓફિસ ફર્નિચર, લાકડાના પાર્ટીસનો 9727211122

**93 વારનો પ્લોટ**
વેચવાનો છે. નવી સોસાયટી. બાગબાન સર્કલ પાસે ગૌરવપથરોડ, પાલ. 8758404225

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.